# GDE-1105-06 Seat No.________

## B. A. (Sem. II) Examination

### April / May - 2017

### CC - 201 : Gujarati

### *(1) કૃષ્ણલાલ શ્રીધરાણીનાં ઉત્તમ કાવ્યો (Old Course)*

### *(2) આજ અંધાર ખુશબો ભર્યો લાગતો - પ્રહલાદ પારેખનાં કાવ્યો (New Course)*

Time : **3** Hours] [Total Marks : **70**

### *(1) કૃષ્ણલાલ શ્રીધરાણીનાં ઉત્તમ કાવ્યો (Old Course)*

**સૂચના** : (૧) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.
(૨) જમણી બાજુનાં અંક ગુણ દર્શાવે છે.

૧ ગીત અને સૉનેટ સાહિત્યસ્વરૂપનો પરિચય આપો. ૧૪

**અથવા**

૧ ગઝલ અને ખંડકાવ્ય સાહિત્યસ્વરૂપ સમજાવો. ૧૪

૨ 'કૃષ્ણલાલ શ્રીધરાણીનાં ઉત્તમ કાવ્યો'નું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. ૧૪

**અથવા**

૨ ગમે તે **એક** કાવ્યનો આસ્વાદ કરાવો. ૧૪

(૧) 'પતંગિયું અને ચંબેલી'

(૨) 'આઠમું દિલ્હી'

(૩) 'કાઠિયાવાડ'

૩ ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) ૧૪

(૧) 'સપૂત' કાવ્યનો ધ્વનિ

(૨) 'ભરતી' કાવ્યમાં પ્રકૃતિનિરૂપણ

(૩) શ્રીધરાણીના કાવ્યોમાં પ્રણયનિરૂપણ

(૪) શ્રીધરાણીના કાવ્યોમાં સામાજિક નિસબત.

૪ ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) ૧૪

(૧) 'ગાંધીજીને' કાવ્યની વિશેષતાઓ

(૨) શ્રીધરાણીના સૉનેટ

(૩) 'સ્વરાજ રક્ષક' કાવ્યનું વિષયવસ્તુ

(૪) શ્રીધરાણીનાં બાળકાવ્યો.

૫ ગમે તે **સાત** પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : ૧૪

(૧) શુક્રના પલકારાને કવિ કયા ત્રણ ભિન્ન ક્રિયાપદ દ્વારા ઓળખાવે છે ?

(૨) 'કૃષ્ણલાલ શ્રીધરાણીનાં ઉત્તમ કાવ્યો'ના કોઈ પણ ચાર કાવ્યોનાં શીર્ષક જણાવો.

(૩) શ્રીધરાણીના જીવનઘડતરમાં કઈ સંસ્થાઓનું યોગદાન છે ?

(૪) કૃષ્ણલાલ શ્રીધરાણીનું જન્મસ્થળ અને જન્મસાલ જણાવો.

(૫) હાથરસના હાથીને શું બનવાની ઈચ્છા છે ?

(૬) 'સલામ' કાવ્યનો નાયક પોતાની પ્રેયસીને અલવિદા કેમ કહે છે ?

(૭) સ્વામી ખેડૂતને શું સજા કરે છે ?

(૮) ક્રાન્તિનાદ કઈ રીતે ઉત્પન્ન થશે ?

(૯) પરીની ઉત્પત્તિ કઈ રીતે થાય છે ?

(૧૦) 'સર્જકશ્રેષ્ઠ આંગળા'માં કોનો પશ્ચાતાપ છે ?

(૧૧) 'કૃષ્ણલાલ શ્રીધરાણીનાં ઉત્તમ કાવ્યો'ના સંપાદકનું નામ જણાવો.

(૧૨) 'કૂકડાનું ગીત' કાવ્યનું વિષયવસ્તુ જણાવો.

## (2) આજ અંધાર ખુશબો ભર્યો લાગતો - પ્રહલાદ પારેખનાં કાવ્યો
## *(New Course)*

**સૂચના** : જમણી બાજુનાં અંક ગુણ દર્શાવે છે.

૧ (અ) સૉનેટ સાહિત્યસ્વરૂપના વ્યાવર્તક લક્ષણો જણાવો. ૭

**અથવા**

(અ) ખંડકાવ્ય સાહિત્યસ્વરૂપનો પરિચય આપો. ૭

(બ) પ્રહલાદ પારેખના સર્જક વ્યકિતત્વને ઘડનારાં પરિબળોની ચર્ચા કરો. ૭

**અથવા**

(બ) પ્રહલાદ પારેખના સમગ્ર સાહિત્યિક પ્રદાનને મૂલવો. ૭

૨ સૌન્દર્યાભિમુખતાના કવિ તરીકે પ્રહલાદ પારેખને મૂલવો. ૧૪

**અથવા**

૨ 'આજ અંધાર ખુશબો ભર્યો લાગતો' કાવ્યસંગ્રહના પ્રણયવિષયક કાવ્યોની ચર્ચા કરો. ૧૪

૩ ગમે તે **એક** કાવ્યનો આસ્વાદ કરો. ૧૪

(૧) 'આજ'

(૨) 'છેલ્લી પૂજા'

(૩) 'આપણે ભરોસે'

૪ ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) ૧૪

(૧) 'બનાવટી ફૂલોને' કાવ્યનો ધ્વનિ

(૨) 'ધરતીના તપ' કાવ્યનો આસ્વાદ

(૩) પ્રહલાદ પારેખની કવિતામાંથી પ્રગટતો વિધેયાત્મક અભિગમ

(૪) પ્રહલાદ પારેખની કવિતામાં પ્રકૃતિદર્શન.

૫ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : (ગમે તે **સાત**) ૧૪

(૧) પ્રહલાદ પારેખનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

(૨) ધરતીના તપથી પ્રકૃતિ પર કેવી અસર થાય છે ?

(૩) પ્રહલાદ પારેખનું અવસાન ક્યારે થયું હતું ?

(૪) પ્રહલાદ પારેખે કઈ કઈ સંસ્થાઓમાં શિક્ષણ મેળવ્યું હતું ?

(૫) પ્રહલાદ પારેખની કવિતામાં કયા કયા વિષયોનું નિરૂપણ છે ?

(૬) કવિ અંધારાને કઈ રીતે શણગારે છે ?

(૭) જૂઈ ક્યારે ખીલે છે ?

(૮) 'આજ અંધાર ખુશબો ભર્યો લાગતો' કાવ્યસંગ્રહના ગમે તે ચાર કાવ્યના શીર્ષક જણાવો.

(૯) 'છેલ્લી પૂજા' કાવ્યમાં કયા રાજાની વાત છે ?

(૧૦) પ્રહલાદ પારેખના કાવ્યસંગ્રહોનાં નામ જણાવો.

(૧૧) વાંસળી અને એના છિદ્ર માટે કવિ કયા કયા કલ્પન પ્રયોજે છે ?

(૧૨) મહાઘેરૈયો શું કરે છે ?